# સાબરકાંઠામાં ૭૧.૪૫, અરવલ્લી જિલ્લામાં ૬૭.૩૪ ટકા મતદાન

## ૮ ડિસેમ્બરે ઉમેદવારોના ભાવિનો ફેંસલો, મતદાન બાદ ભરેલા નાળીયેર જેવી સ્થિતિ છતાં રાજકીય પક્ષોના જીતના દાવા

બાયડ, તા.૦૬

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો ઉપર સોમવારે મતદાન પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જેમાં પાછલી ૩ વિધાનસભા બેઠકોની ચૂંટણી દરમ્યાન સરેરાશ મતદાનની ટકાવારીમાં સામાન્ય ઘટાડો થયો છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૭૧.૪૫ અને અરવલ્લી જિલ્લામાં ૬૭.૩૪ ટકા મતદાનની ટકાવારી નોંધાઈ છે. ૮ ડિસેમ્બરે મત ગણતરી દરમ્યાન આ સાતેય વિધાનસભા બેઠકોના ઉમેદવારોના ભાવિનો ફેંસલો થવાનો છે પરંતુ મતદાન બાદ ભરેલા નાળીયેર જેવી સ્થિતિ છતાં તમામ ઉમેદવારોએ પોત પોતાની જીતના દાવા કર્યા છે. જ્યારે મતદાન પૂર્ણ થયા પછી ટી.વી. માધ્યમોમાં જાહેર થયેલા એક્ઝીટ પોલના કારણે પ્રજામાં પરિણામની જબ્બર તાલાવેલી જોવા મળી રહી છે. જિલ્લામાં નિયત મત ગણતરી કેન્દ્રો આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ૪ થી વધુ વ્યક્તિઓના ભેગ થવા ઉપર પ્રતિબંધ લાદતું જાહેરનામું અમલી બન્યું છે. શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન વધારે થયું હોવાથી ગુરૂવારે સવારે મત ગણતરી શરૂ થયા પછી બપોરે ૩-૦૦ કલાક સુધીમાં ચૂંટણી પરિણામ સ્પષ્ટ થઈ જશે.

જિલ્લામાં હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ભિલોડા, મોડાસા અને બાયડ વિધાનસભા બેઠક ઉપર સોમવારે સવારે ચૂસ્ત સુરક્ષા પ્રબંધ વચ્ચે મતદાન શરૂ થયું. સંવેદનશીલ મતદાન મથકો ઉપર વિશેષ સુરક્ષા દળો તૈનાત કરવામાં આવતાં ક્યાંય પણ મતદાન પ્રક્રીયા દરમ્યાન કોઈ ગરબડી સામે આવી નથી. મોટાભાગના મતદાન મથકો ઉપર શરૂઆતમાં ધીમું મતદાન પરંતુ ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોએ મતદાન માટે ઉત્સાહ દાખવતાં લાંબી લાઈનો જોવા મળી હતી. જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા ન્યાયી અને મુક્ત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટેના પ્રયાસો બાદ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રીયા પૂર્ણ થઈ છે અને હવે પરિણામો ઉપર સૌની મીટ મંડાઈ છે પરંતુ ૫ ડિસેમ્બરના રોજ યોજાયેલી મતદાન પ્રક્રીયામાં સાબરકાંઠા જિલ્લામાં ૭૧.૪૫ ટકા મતદાન નોંધાયું છે. જેમાં હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર ૨૦૧૮૫૬, ઈડર ૨૦૪૬૬૫, ખેડબ્રહ્મા ૨૦૪૬૯૬, પ્રાંતિજ ૧૮૧૯૨૮, ભિલોડા ૨૦૪૮૮૬, મોડાસા ૧૮૨૪૯૩ અને બાયડ વિધાનસભા બેઠક ઉપર ૧,૭૧,૯૨૦ કુલ મતદારોએ મતદાન કર્યું છે. જિલ્લામાં સાંજના ૫-૦૦ કલાકે મતદાન પ્રક્રીયા પૂર્ણ થયા પછી ચૂસ્ત બંદોબસ્ત હેઠળ ઈ.વી.એમ. મશીનને ડિસ્પેચીંગ સેન્ટર અને ત્યાંથી સ્ટ્રોંગ રૂમમાં મોકલી અપાયા પછી જિલ્લામાં ૮ ડિસેમ્બરે મતદાન ગણતરી પ્રક્રીયા શરૂ કરવામાં આવશે જેમાં બેઠક દીઠ ટેબલ તૈયાર કરવામાં આવ્યા છે. જો કે મતદાન પૂર્ણ થયા પછી જારી થયેલા એક્ઝીટ પોલમાં રાજ્યમાં ફરીથી ભાજપ સરકાર સત્તાનું સૂકાન સંભાળશે તેવા સંકેતને કારણે સ્વાભાવિક ભાજપ કાર્યકરો ઘેલમાં આવ્યા છે પરંતુ ગત વિધાનસભાની ચૂંટણીમાં એક્ઝીટપોલ મોટાભાગના વિસ્તારોમાં ખોટા ઠર્યા હતા જેના કારણે કોંગ્રેસ અને અન્ય પક્ષો જીત માટે આશાવાદી છે જો કે બંન્ને જિલ્લામાં મહિલાઓએ પણ લોકશાહીને જીવંત રાખવા માટે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું છે જેના કારણે મહિલા મતદારોનો ઝોક કોને જીતાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે તે જોવું રહ્યું પરંતુ હાલ તો બંન્ને જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો ઉપર રાજકીય પંડીતોએ જો અને તો ની ગણતરી મોંડી છે.

# હિંમતનગર સરકારી પોલીટેકનીક ખાતે ચારે બેઠકોની મતગણતરી ૮ ડિસેમ્બરે

## સવારે ૮ વાગ્યે હાથ ધરાશે. પૂર્વ તૈયારીનું નિરીક્ષણ કરતા જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા : સી.સી.ટી.વી કેમેરા અને ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા સાથે સ્ટ્રોંગરૂમની ૨૪ કલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ : રાજકીય પક્ષના વ્યક્તિઓ પણ સી.સી.ટી.વીનું ફૂટેજ જોઈ શકે તે માટે મંડપ બાંધી વ્યવસ્થા ગોઠવાઈ

બાયડ તા.૬

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨નું ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાતનું બીજા તબક્કાનું મતદાન ગઈકાલ તા.૫/૧૨/૨૦૨૨ના રોજ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે અને જિલ્લાની જનતા દ્વારા જંગી મતદાન કરીને ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ. મશીનમાં કેદ કર્યું છે તે મતદાન કરેલા તમામ ઈ.વી.એમ. હવે મતગણતરીના દિવસે એટલે કે તારીખ ૮/૧૨/૨૦૨૨ના રોજ મતગણતરી હાથ ધરાશે તે માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ મતદાન કરાયેલા તમામ સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભાના ઈ.વી.એમને હિંમતનગર સરકારી પોલીટેકનીક ખાતે લાવવામાં આવ્યા છે જેનો ૨૪ કલાક સઘન સુરક્ષા પહેરો રાખવામાં આવી રહ્યો છે અને સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. સી.સી.ટી.વી કેમેરા ઉપરાંત ત્રિ-સ્તરીય સુરક્ષા રાજ્ય પોલીસ જિલ્લા પોલીસ વ્યવસ્થા ઉપરાંત કેન્દ્રમાંથી આવેલી બી.એસ.એફના જવાનો દ્વારા સ્ટ્રોંગરૂમની દિવસ-રાત હથિયાર સાથે સુરક્ષા કરી રહ્યા છે.

સરકારી પોલિટેકનિક ખાતે મતગણતરી હાથ ધરાનાર છે તેની આજે જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા દ્વારા મુલાકાત લઈને નિરીક્ષણ કરી સુરક્ષા અને મતગણતરી માટે ઉભી કરાયેલી વ્યવસ્થાનું જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ચૂંટણી પંચની ગાઈડલાઈન પ્રમાણે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા દિવસમાં બે વાર સ્થળની મુલાકાત લેવાની હોય છે અને ચાંપતી નજર રાખવાની હોય છે જે સંદર્ભે રૂબરૂ મુલાકાત અને નિરીક્ષણ જિલ્લા ચૂંટણી અધિકારી કરી રહ્યા છે અને જે કંઈ જરૂરી સુચના જણાય તો સંબંધીતને આપતા રહે છે. આર.ઓઅને ઓબર્ઝવર પણ આ સ્થળની નિગરાની રાખી રહ્યા છે. આમ સમગ્રતયા કડક નિગરાની અને મોનીટરિંગ કરી રહ્યા છે.



રાજકીય પક્ષોને પણ બહાર મંડપ બાંધીને તેઓ પણ ૨૪ કલાક સી.સી.ટી.વી ફૂટેજ જોઈ શકે તેવી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આમ મત ગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી સઘન અને સતત દેખરેખ અને મુલાકાત વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવશે અને પ્રવેશ પાસ વિના કોઈને અંદર જવા પર નિયંત્રણ લાદવામાં આવ્યું છે. અધિકૃત કરેલ વ્યક્તિઓ જ અંદર પ્રવેશ કરી શકશે.

## અરવલ્લીમાં ચૂંટણી સમયે નિષ્ક્રિય ભાજપના આગેવાનોની વિગતો મંગાવાઈ

# ત્રણેય બેઠકો પર અસંતુષ્ઠોએ કોંગ્રેસ-અપક્ષ, આમઆદમી પાર્ટીને મદદ કર્યાના આરોપ

હિંમતનગર, તા.૦૬

અરવલ્લી જિલ્લાની વિધાનસભાની ૩ બેઠકો ઉપર ચૂંટણી સમયે નિષ્ક્રિય ભાજપના આગેવાનો અને કાર્યકરો તેમજ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના સદસ્યોની વિગતો પ્રદેશ કક્ષાએ માંગવામાં આવી હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું છે. ત્રણેય બેઠકો ઉપર અસંતુષ્ટીએ કોંગ્રેસ, અપક્ષ અને ક્યાંક આમઆદમી પાર્ટીના ઉમેદવારને મદદ કર્યાના ગંભીર આરોપ તેમજ કેટલાક કિસ્સાઓમાં વિડીયો સહિતના પુરાવા મળ્યાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં એટલી હદે ભાજપમાં અસંતુષ્ટો જોવા મળ્યા જેને લઈને પ્રદેશની નેતાગીરી પણ ચોંકી ઉઠી છે. જ્યારે મતદાનની પૂર્વ સંધ્યાએ માલપુર તાલુકાના અણિયોર નજીક વિદેશી દારુ ભરેલું લક્ઝુરીયર્સ વાહન ઝડપાયું અને જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલ દારુ ભરેલાં વાહનોનું પાયલોટીંગ કરતા હોવાના ગંભીર આરોપ પછી ગણતરીના કલાકોમાં હજારો વિડીયો વાયરલ થઈ જતાં ભાજપમાં અસંતુષ્ટોએ છેલ્લી હદે જિલ્લા ભાજપ સંગઠનનો સાચો આયનો પ્રજા સમક્ષ ધરી દીધો હતો અને અગાઉથી જિલ્લા સંગઠનની મનમાની અને અનેક પાયાના કાર્યકરોને ધરાર ઉતારી પાડવાની નીતિથી નારાજગી હતી. જે વિધાનસભાની ચૂંટણી દરમ્યાન જોવા મળ્યું. બાયડ, મોડાસા અને ભિલોડાના ભાજપના ઉમેદવારોને સંગઠનના કેટલાક હોદ્દેદારોએ હરાવવાના પેંતરા રચ્યાના ઈનપુટ પણ પ્રદેશ નેતાગીરીને મળ્યા હતા જેથી તેમની હીલચાલ ઉપર પણ બાજનજર રાખવામાં આવી હતી પરંતુ અસંતુષ્ટોએ વર્ષ-૨૦૧૭નું પુનરાવર્તન થાય તે માટે વિપક્ષના ઉમેદવારો અને ક્યાંક અપક્ષ ઉમેદવારોને અંદરખાને મદદ કર્યાની વિગતો બહાર આવ્યા પછી પ્રદેશ કક્ષા સુધી આવા અસંતુષ્ટીની વિગત પહોંચ્યાનું માહિતગાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ માલપુર તાલુકાના કારણે ફરી એકવાર વગોવાયા**

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે બે મહિના અગાઉ માલપુરના ભાજપના કાર્યકરને બિભત્સ ગાળો બોલી, ધમકી આપ્યાની ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી શિસ્તબદ્ધ ગણાતા ભાજપની ઈમેજને અસર પહોંચી હતી અને ગત રોજ દારુ ભરેલું વાહન પકડાયા પછી સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ સામે અનેક પ્રકારના આરોપ લાગ્યા છે અને જોગાનુંજોગ આ ઘટના પણ માલપુર તાલુકામાં જોવા મળી જેથી સંગઠન પ્રમુખ માલપુર તાલુકાના કારણે ફરી એકવાર વગોવાયાની કાનાફૂંસી શરુ થઈ છે.

# અરવલ્લી જીલ્લાની ત્રણેય વિધાન સભાની બેઠક પર પરિવર્તન થશે કે પુનરાવર્તન

## અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડયું

ભિલોડા,તા.૦૬

ગુજરાત વિધાન સભાની બીજા તબક્કાની ચુંટણીનું મતદાન એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા બાદ હવે મત ગણતરી પર સૌ-કોઈની નજર છે.પરિણામ જાણવા માટે મતદારો તત્પર છે.

અરવલ્લી જિલ્લાની ત્રણેય બેઠકો માટે મોડાસાની સરકારી એન્જીનીયરિંગ કોલેજ ખાતે મત ગણતરી તા. ૮ મી ડિસેમ્બર ને ગુરૂવારના રોજ વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા યોજાશે,ઈ.વી.એમ મશીનના સ્ટ્રોંગ રૂમો પાસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સી.આર.પી.એફ અને પોલીસ નો ચુસ્ત લોખંડી બંદોબસ્ત ગોઠવાયો છે.અરવલ્લી જીલ્લાના વહીવટી તંત્ર ધ્વારા મત ગણતરી હાથ ધરાશે મત ગણતરી બાદ જ ભાજપ,કોંગ્રેસ,આપ સહિત અપક્ષ ઉમેદવારોના ભાવિ નક્કી થશે,ડી.જે ના તાલે સંગીતની શુરાવલી વચ્ચે વાજતે - ગાજતે ભવ્યાતિભવ્ય વિજય સરઘસ વિજેતા ધારાસભ્યોનું નિકળશે,ગુલાલની છોડો ઉડશે,ફટાકડાની આતશબાજી થશે,કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાશે,ત્રણેય બેઠક પર પરિવર્તન થશે કે પુનરાવર્તન એ મત ગણતરી સંપન્ન થયા બાદ જ જાણી શકાશે પરંતુ અત્રે ઉલ્લેખનિય છે કે,જીલ્લાભરમાં ચૌરે અને ચૌટે હવે એક જ ચર્ચા જ્યાં જુઓ ત્યાં કોણ જીતશે,કોણ હારશેની અવનવી અટકળોએ ભારે જોર લગાવ્યું છે.રાજકીય નેતાઓ અવનવા ગણિત લગાવી રહ્યા છે પરંતુ મત ગણતરી સંપન્ન થયા બાદ જ જાણી શકાશે કોણ જીત્યું અને કોણ હાર્યું અને કોણ - કોણ ડિપોઝિટ ગુમાવી રહ્યા છે.

સોમવારે મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા બાદ જાહેર થયેલ અવનવા એક્ઝિટ પોલના નિર્દેશો મુજબ ભાજપના વિજયનો વરતારો જાણવા મળેલ છે પરંતુ અત્રે ઉલ્લેખનિય છે કે,ક્યારેય એક્ઝિટ પોલનો વરતારો પણ ખોટો પડતો હોય છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે પુનરાવર્તન થશે કે પરિવર્તન...

# પ્રાંતિજ ખાતે ડૉ.બાબાસાહેબ નિર્વાણ દિવસે રેલી યોજાઇ



પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ડૉ.બાબાસાહેબ આંબેડકર ના બાવડાને ફુલહાર પહેરાવી ને રેલીયોજી ને નિર્વાણ દિવસ ની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ ખાતે છઠ્ઠી ડિસેમ્બર ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસ ને લઈ ને સ્વયમ સૈનિક દળ દ્વારા પ્રાંતિજ ત્રણ રસ્તા થી ડૉ.બાબાસાહેબ આંબેડકર શોપીંગ સેન્ટર સુધી રેલીયોજી હતી અને ડૉ.બાબાસાહેબ ના બાવળાને ફુલ હાર પહેરાવામા આવ્યા હતા તો પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા સહિત તાલુકા પ્રમુખ , શહેર પ્રમુખ પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકર ના બાવડા ને ફુલહાર પહેરાવી ઉજવણી કરવામા આવી હતી તો આ પ્રસંગે ભીખાભાઈ વાણિયા , રેખાબેન સોલંકી, આર.કે.ચૌહાણ, નટુભાઈ બારોટ, નૂતનભાઈ પરમાર , મનહર ભાઈ પેન્ટર સહિત સમાજ ના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને ફુલહાર પહેરાવી મા આવ્યા હતા તો સ્વયમ સૈનિક દળ દ્વારા રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતુ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ના બાળવા ને ફુલહાર પહેરાવી સભા નુ આયોજન કરવામા આવ્યુ હતુ ડૉ.બાબાસાહેબ આંબેડકર અમર રહો ના નારા સાથે મોટી સંખ્યામાં સમાજ ના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ-તલોદ વિધાન સભા બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ-આમ આદમી પાર્ટીનો જીતનો દાવો

પ્રાંતિજ તા. ૬

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત માં પ્રથમ અને બીજા તબક્કા ની વિધાનસભાની ૧૮૨ બેઠકો નું મતદાન પૂર્ણ થઈ ગયુ છે તો પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા બેઠક ઉપર આ વખતે પણ ભાજપ- કોંગ્રેસ -આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિકોણીય જગ જોવાં મલ્યો હતો અને મતદાન પૂર્ણ થતા જ ત્રણેય પક્ષો દ્રારા જીતનો દાવો કરવામાં આવી રહ્યો છે. પ્રાંતિજ- તલોદ ૩૩વિધાનસભા નું બીજા તબક્કા માં મતદાન ૫ મી ડ્સેમ્બર ના રોજ યોજાયું હતું જેમાં પ્રાંતિજ- તલોદ માંથી છ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતાં અને તંત્ર દ્વારા પ્રાંતિજ- તલોદ માં થઈને ૩૦૫ બુથો ઉભા કરવામાં આવ્યા હતાં તો ૨,૫૮,૮૭૨ મતદાતાઓ માંથી ૭૦.૨૮ ટકા મતદાન યોજાયું હતું તો ગત ચુંટણી નું મતદાન કરતાં આ વખતે ત્રણ ટકા મતદાન ઓછુ થયુ હતુ તો આ વખતે મતદારો નો મિજાજ કોઈ અલગ જ હતો તો સવારના ધીમીગતીએ થયેલ મતદાન બપોરબાદ સ્પીડ પકડતાં મતદાન મથકો ઉપર લાઈનો જોવાં મળી હતી તો પ્રાંતિજ ખાતે શેઠ.પી.એન્ડઆર હાઈસ્કુલ ખાતે મતદાન નો સમય પૂર્ણ થયા છતાં લાઈન હોવાથી મતદાન ચાલુ રાખવામા આવ્યુ હતુ તો મતદાન પૂર્ણ થતા જ ભાજપ- કોંગ્રેસ , આમ આદમી પાર્ટી ત્રણેય પક્ષો જીતનો દાવો કરવામાં આવી રહ્યો છે આ વખતે પુનરાવર્તન કે પરિવર્તન થશે તેતો આઠ ડીસેમ્બર ના દિવસેજ ખબર પડશે તો ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર , કોંગ્રેસ ના ઉમેદવાર બેચરસિંહ હરિસિંહ રાઠોડ , આમ આદમી ના ઉમેદવાર અલ્પેશ પટેલ ત્રણેય ઉમેદવારો માંથી મતદારો સહિત લોકો કોને સ્વિકાર કારશે એ તો ૮ મી ડીસેમ્બર ને ગુરૂવાર ના રોજ ખબર પડશે પણ હાલતો પ્રાંતિજ- તલોદ ભાજપ- કોંગ્રેસ -આમ આદમી પાર્ટી ના કાર્યકરો મતદારો સહિત લોકો ની નજર મત ગણતરી ઉપર મંડાઈ રહી છે અને ત્રણેય પક્ષો માં પરિણામ ને લઈને ઉત્સાહ જોવાં મળી રહ્યો છે તો કેસરીયો લહેરાય છે કે પંજા નો પંજો પડશે કે આમ આદમી પાર્ટી આવશે તે તો હવે ૮ ડિસેમ્બર ગુરૂવાર ના રોજ સવાર ના ૧૨ વાગ્યા સુધી મા ખબર પડી જશે.

## મતવિસ્તારના વિકાસ કાર્યોને જેટ ગતિએ આગળ વધારવા ખાતરી આપી : અનિકેત ગિરીશચંદ્ર ઠાકર



પાલનપુર તા.૬

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણી દરમિયાન ભાજપનો ગઢ ગણાતી પાલનપુર વિધાનસભા બેઠક છેલ્લી બે ટર્મ થી કોંગ્રેસે કબજો જમાવ્યો છે. તેને ઉખાડીને ફેંકી દેવા ભારતીય જનતા પાર્ટીએ વર્ષોથી પાર્ટી સાથે સંકળાયેલા પરિવારના પાયાના કાર્યકર્તા એવા પ્રોફેસર ગિરીશચંદ્ર ઠાકરના સુપુત્ર અનિકેત ઠાકરને વિધાનસભાના ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા. ગતરોજ બીજા તબક્કાના મતદાન ના મહાપર્વને મતદાન કરી બહાર આવી પાલનપુરના ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરે ભારે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે ,પાલનપુર વિધાનસભા મત વિસ્તારના મતદારોએ ભાજપને મત આપી છેલ્લા ૧૦ વર્ષમાં વિકાસના ક્ષેત્રે પાછળ રહી ગયેલ પાલનપુર વિધાનસભા મત વિસ્તારનો જેટ ગતિએ વિકાસ કરવા હું ખાતરી આપું છું. તેમના પરિવારજનોએ પણ મતદાન કરી બહાર આવી સૌ મતદારોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

## મોડાસા સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે

# ત્રણ બેઠકના ઈવીએમ મશીનો સ્ટ્રોંગ રૂમમાં રાખી રાઉન્ડ ધી ક્લોક સુરક્ષા

## જીલ્લા કલેક્ટર, જીલ્લા પોલીસવડા, ચૂંટણી ઓબ્ઝર્વર સહીત ઉચ્ચ અધિકારીઓએ સ્ટ્રોંગ રૂમની સુરક્ષા ચકાસણી કરી





મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો પર ૫ ડિસમ્બરે યોજાયેલ મતદાન શાંતિ પૂર્ણ યોજાયા બાદ ત્રણે બેઠકો પર ના ૧૩૬૨ ઈવીએમ-વીવીપેટ મશીનો ને સઘન સુરક્ષા હેઠળ મોડાસાની સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે બનાવેલા સ્ટ્રોંગ રૂમ માં ગોઠવી દઈ સ્ટ્રોંગરૂમ ની ફરતે રાઉન્ડ ધી ક્લોક સુરક્ષા જવાનો ગોઠવી દઈ સુરક્ષા પુરી પાડવાની સાથે લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સ્ટ્રોંગ રૂમ ૮ ડિસેમ્બર ગુરુવારના રોજ ચૂંટણી અધિકારીઓની ઉપસ્થિતિમાં ખોલી ૧૪ ટેબલ પર ૨૯ જેટલા રાઉન્ડમાં મતગણતરી હાથ ધરવામાં આવશે મત ગણતરી સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવશે. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે જણાવ્યું હતું કે મોડાસા એન્જીનીયરીંગ કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમમાં ત્રણે વિધાનસભા બેઠકના ઈવીએમ રાખવામાં આવ્યા છે અને ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ સઘન સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે અને સમગ્ર પરિસરમાં પણ ચુસ્ત પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો છે મત ગણતરી પછી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસતંત્ર તૈયાર છે.

# કનાઈમાં નવા તૈયાર થયેલા રોડ ઉપરથી બાઈક લઈ નિકળવા મુદ્દે યુવકને ફટકાર્યો

## જાતિ પ્રત્યે અપમાનિત કરી લાતોથી માર મારતાં એટ્રોસીટીની ફરિયાદ

બાયડ, તા.૦૬

હિંમતનગર તાલુકાના કનાઈ ગામે નવા તૈયાર થયેલા રોડ ઉપર બાઈક લઈને નિકળવા મુદ્દે ૪ ઈસમોએ ઝઘડો કરી દલિત યુવકને થપ્પડ તેમજ લાતોથી માર મારી જાતિ પ્રત્યે અપમાનિત કરતાં એટ્રોસીટીની ફરિયાદ થઈ છે. બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે સ્થાનિક ૪ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ તાલુકાના કનાઈ ગામે તા. ના રોજ રોહિત કાન્તિભાઈ પરમાર તેમના ભાઈ અનિલભાઈનો પુત્ર બિમાર થયો હતો અને ઘરે કોઈ ન હોવાથી તેમનાં માતા હબીબભાઈને ત્યાં મજૂરી કામ કરતાં હોવાથી બાઈક લઈને તેમને લેવા માટે નિકળ્યા હતા જે દરમ્યાન ચેનવા ફળીયામાં વેલ્ડીંગની દુકાન પાસે બાઈક લઈને પસાર થતા હતા તે સમયે હૈદરઅલી અલીભાઈ મસી સાથે નવા તૈયાર થયેલા રોડ ઉપર નિકળવા મુદ્દે ઝઘડો થયો હતો. જે સમયે ઉશ્કેરાયેલા હૈદરઅલીએ થપ્પડ મારતાં બંન્ને વચ્ચે મામલો ગરમાયો દરમ્યાન બાઈક લઈને રોડ ઉપરની નિકળવા અંગે ઉશ્કેરાયેલા ઈસમોએ પણ હૈદરઅલીનું ઉપરાણું લઈ ત્યાં ધસી આવ્યા હતા અને નીચે પાડી દઈ કમર, છાતીના ભાગે લાતો મારી હતી. નવા રોડ ઉપરથી નિકળવાનો વાંધો ઉઠાવી ઉશ્કેરાયેલા ઈસમોએ ફટકારવાની સાથે યુવકને જાતિ પ્રત્યે જાહેરમાં અપમાનિત કરતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે એટ્રોસીટીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**આરોપી**

**હૈદરઅલી અલીભાઈ મસી**
**કમરઅલી અલીભાઈ મસી**
**હબીબઅલી હૈદરઅલી મસી**
**અહેમદઅલી હૈદરઅલી મસી**
**(તમામ રહે. કનાઈ, તા. હિંમતનગર)**